R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 07 DATE: 17-02-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?

હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ

પી.ટી.કોલેજરોડ,નારાયણનગર

પાલડી,અમદાવાદ-૭

## પંજાબ નેશનલ બેંકનું રૂ.૧૧,૪૦૦ કરોડનું ફુલેકુ ફેરવી નિરવ મોદી વિદેશ જતા રહ્યા

પંજાબ નેશનલ બેંક સાથે રુ.૧૧,૪૦૦ કરોડનું કૌભાંડ આચરનાર જ્વેલરી જિઝાઈનર નિરવ મોદી કૌભાંડી વિજય માલિયાની માફક દેશ છોડી ફરાર થઈ ગયા છે.કૌભાંડી મોદીએ જાન્યુ.માસમાં જ દેશ છોડી દીધો હતો.મોદીને ભાગી જવા માટે પુરતો સમય આપવામાં આવ્યો હતો.નિરવ મોદી સાથે તેમના ભાઈ અને તેમની સાથે જોડાયેલા અન્યો પણ દેશ છોડી ભાગી જવામાં સફળ રહ્યા છે.આ રીતે સરકારી બેન્કમાંથી મોટું કૌભાંડ કરીને આ લોકોને છટકી દેવામાં આવ્યા હોવાના સમાચારો પ્રસિધ્ધ થયા છે.

જો કે પીએનબી સાથે કૌભાંડ આચનાર નિરવ મોદી દાવોસ ખાતે વડાપ્રધાન મોદી સાથે યોજાયેલ એક મીટીંગમાં અન્ય ઊધ્યોગપતિ સાથે હાજર રહ્યા હતા. જો કે ભાજપે આ અંગે પોતાનો હાથ ખંખરી નાંખ્યો હતો.જો કે સીબીઆઈએ આ તમામ માટે લુકઆઉટ નોટીસ જારી કરી છે.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ નિરવ મોદી અને તેના સબંધીઓ સામે મની લોન્ડરીંગનો કેસ નોધ્યો છે. અને તેના રહેઠાણ અને ઓફીસો પર દરોડા પાડ્યા હતા.મોદીના કુર્લા ખાતેના રહેઠાણ,કાલા ઘોડા એરીયાના જ્વેલરી બુટીક,બાંદ્રા અને લોઅર પરેલની ત્રણ કંપનીઓ, ગુજરાતમાં સુરતના ત્રણ પ્રીમાઈસીસ તેમજ દિલ્હીની ચાણક્યપુરી અને ડિફેન્સ કોલોનીના શો રુમ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.દરોડા દરમિયાન ઈડીએ રુ.૫૧૦૦કરોડની સંપત્તિ કબજે કરી છે.સુરતમાં સચિન ટાઉન સથિત સુરત એસઈઝેડમાં છ હીરાના કારખાનાની પણ તલાશી લીધી છે.હવે બેકોમાં કૌભાંડ કરીને વિદેશ ચાલી જતા લોકોને સવલત કરી આપનારા લોકો સામે પણ કાયદેસર કેસ કરીને હલાવાતમાં નાંખવા જરુરી છે.બેન્કોમાં રહેલા નાણાં આખરે તો સામાન્ય નાગરિકોની બચતનાં નાણાં છે. કોઈની પેઢીના નાણાં તો નથી.સરકારે આમ જનતાનો ખજાનો લુટીં જનારાઓને સખ્ત સજા કરવી જરુરી છે.

## નાગાલેન્ડની ચુંટણીઓ જીતવા ભાજપ લઘુમતી તૃષ્ટિકરણને શરણે : ખ્રિસ્તીઓને પવિત્ર જેરુસાલેમની મફત યાત્રાની ઓફર

મુસ્લીમોની હજ સબસીડી બંધ કરાવનાર ભાજપે ઉત્તરપુર્વના નાગાલેન્ડ રાજ્યમાં ખ્રિસ્તીઓના મત મેળવવા માટે તેમને જેરુસાલેમની યાત્રા મફતમાં કરાવવાનું વચન આપી દીધું છે. નાગાલેન્ડમાં પોતાની હિન્દુવાદી છબી સુધારવાના પ્રયાસમાં અને સત્તા મેળવવા માટે તેણે આ પગલું ભર્યું છે.ભાજપે કહ્યુ છે કે નાગાલેન્ડમાં જો સત્તા મળશે તો તે નાગાલેન્ડના ખ્રિસ્તીઓને જેરુસાલેમની મફત યાત્રાની સુવિધા આપશે. ભાજપે વોટ મેળવવા વચન આપ્યું છે કે પાર્ટી સત્તામાં આવે તો વૃધ્ધ ખ્રિસ્તીઓને મફત જેરુસાલેમ લઈ જવાશે. મઝાની વાત એ છે કે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આઝ યાત્રા માટે સબસીડી આપવાનું વચન આપ્યું છે. જેરુસાલેમમાં ઈસુ ખ્રિસ્ત નો જન્મ થયો હતો.ખ્રિસ્તીઓ માટે આ પવિત્ર સ્થાન છે. અને સૌથી મોટું તીર્થસ્થાન છે.

નાગાલેન્ડ ઉપરાંત અન્ય પુર્વોત્તર રાજ્યો મેઘાલય અને ત્રિપુરાની ચુંટણી પણ નજીક છે. મેઘાલયમાં ૭૫ ટકા વસ્તી ખ્રિસ્તીઓની છે.જ્યારે નાગાલેન્ડમાં ૮૮ ટકા વસતી ખ્રિસ્તીઓની છે.હજુ એ સ્પષ્ટ નથી થયું કે ભાજપની આ ઓફર દેશના તમામ ખ્રિસ્તીઓ માટે છે કે કેમ ? જો કે ભાજપની આ ઓફરને, ખાસ કરીને હજ સબસીડી રદ કરાયા પછી એઆઈએમઆઈએમના નેતા ઔવેસીએ કહ્યુ હતું કે ભાજપ ખ્રિસ્તીઓને મફત યાત્રાની ઓફર કરે છે. જો ભાજપને ચુંટણી માટે જરુરી લાગે તો હજ સબસીડી ફરી શરુ પણ કરી શકે છે.

## ત્રીપુરામાં ભાજપમાં જોડાયેલા મુસ્લીમોને મસ્જીદમાં નમાઝ અદા કરવા પર પાબંદી

ત્રિપુરાના મોઈડાટીલા ગામમાં ભાજપમાં જોડાનાર કેટલાંક મુસ્લીમ પરિવારોનો ગામની મસ્જીદ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો છે.૧૦૦ પરિવારના આ ગામમાં ૮૩ મુસ્લીમ પરિવાર છે. તેમાંથી ૨૫ મુસ્લીમ પરિવારે ભાજપ સાથે જોડાવાનો નિર્ણય કર્યો છે.બાબુલ હોસેન નામનો એક વ્યક્તિ કહે છે કે અમે ૧૬ મહિના પહેલાં ભાજપમાં જોડાયા હતા.ત્યારબાદ મસ્જીદમાં અમને જણાવવામાં આવ્યું હતું કે તમે અહીં નમાઝ અદા કરી શકો નહીં.તમે એક હિંદુવાદી પાર્ટીને સમર્થન આપી રહ્યા હોવાથી તમારે અહીં આવવાની જરુર નથી. તમે હિંદુઓ સાથે જઈ શકો છે.જેના કારણે અમારે વાંસ અને ટીનના પતરાંની એક હંગામી મસ્જીદ બનાવવી પડી છે. આમ ગામમાં હવે બે મસ્જીદ બની છે.અમે લોકોએ અમારી મસ્જીદ માટે એક અલગ ઈમામની વ્યવસ્થા કરી છે અને ઉઘરાણું કરીને તેમને પગાર આપીએ છીએ.

હોસેન કહે છે કે અમે નથી જાણતા કે ભાજપ હિંદુવાદી પાર્ટી છે.હું નથી માનતો કે ભાજપ દેશના અન્ય વિસ્તારોમાં મુસ્લીમ વિરોધી હુમલાઓમાં સંડોવાયેલો છે. કોંગ્રેસ અને સીપીએમ આ પ્રકારના આરોપો મુકી રહ્યા છે.જે મુસ્લીમોની હત્યા કરાઈ છે તેમણે જ કાંઈ ખોટું કામ કર્યું હશે.શા માટે કોઈ એક સારા માણસ પર હુમલો કરશે ? હોસેન કહે છે કે હું કોંગ્રેસનો સમર્થક હતો. પરંતુ કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે.અમે ઈચ્છીએ છીએ કે ૨૫ વર્ષથી શાસન કરતી ડાબેરી સરકારનો હવે અંત આવે.તેમના શાસનમાં કશું મળ્યું નથી.જો ભાજપ સત્તા પર આવશે તો અમને ખાતર પર સબસીડી અને સિંચાઈ માટે પાણી મળશે.

## નાગાલેન્ડના સૌથી મોટા બેપ્ટીસ ચર્ચે ચુંટણીમાં ત્રિશુલ કે ક્રોસ વચ્ચે એકની પસંદગી કરવાનું કહ્યુ

નાગાલેન્ડના સૌથી મોટા બેપ્ટીસ ચર્ચે પોતાના અનુયાયીઓને ત્રિશુલ કે ક્રોસ બેંમાથી કોઈ એકની પસંદગી કરવા જણાવ્યુ હતું.આમ કહેતા વિવાદ ઊભો થયો હતો.ચુંટણી અગાઉ જ તેણે પૈસા અને વિકાસના નામે ખ્રિસ્તી સિધ્ધાતો સાથે સમાધાન ન કરવા અપીલ કરી હતી.ચર્ચે કહ્યુ હતું કે જિસસ ક્રાઈસ્ટના હૃદયને વિંધવા માંગતા લોકોના હાથા બનશો નહીં. નાગાલેન્ડમાં તમામ પક્ષોના પ્રમુખોને મોકલેલા એક ખુલ્લા પત્રમાં ચર્ચે જણાવ્યુ હતું ખે ભાજપ સરકારના શાસનમાં ૨૦૧૫-૧૭ દરમિયાન ભારતમાં લઘુમતીઓ પર સૌથી વધુ અત્યાચાર થયા છે.ચર્ચના મહામંત્રી પત્રમાં લખ્યુ છે કે આરએસએસની રાજકીય પાંખ ભાજપ સત્તામાં આવ્યાની સાથે જ છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં હિદુત્વની ચળવળ નોધપાત્ર રીતે મજબુત અને આક્રમક બની છે.

તેમણે કહ્યુ હતું કે ભારતમાં ખ્રિસ્તી ધર્મનો નાશ કરવા માંગતા લોકો પાછળ દોટ લગાવતાં રાજકારણીઓને જોઈને જીસસ ક્રાઈસ્ટ પણ રડતા હશે. પત્રમાં લખ્યું છે કે તાજેતરના વર્ષોમાં લઘુમતીઓ પર સતાવણીનો આંકડો ત્રણ ગણો વધી ગયો છે.પાદરીઓ,મિશનરીઓ અને ઉપદેશકોને ગલીઓમાં જાહેરમાં ઢસેડવામાં આવી રહ્યા છે.તેમની સતાવણી અને અપમાન થઈ રહ્યુ છે.

ખ્રિસ્તીઓની બહુમતી ધરાવતા નાગાલેન્ડમાં ભાજપની હાજરી વધી રહી છે. પરંતુ બીફબેન અને લઘુમતીઓ તેમાં ખાસ કરીને ખ્રિસ્તીઓની સતાવણી જેવા મુદ્દાઓ પર તે બેકફુટ પર છે. તેના કારણે ભાજપને ચુંટણીમાં પ્રાદેશિક પક્ષો સાથે વ્યુહાત્મક જોડાણ કરવું પડ્યું છે.રાજ્યમાં બીજેપી-એનડીપીપી ગઠબંધન વિશે ચર્ચના રેવ કેયહોએ જણાવ્યુ હતું કે હાલના તબક્કે હું એનડીપીપી વિશે કંઈ કહી શકું નહી. પરંતુ એક પ્રાદેશિક પાર્ટી મળતાં જ ભાજપની હિંમત વધી ગઈ છે.જ્યારે રાજકારણીઓ એમ કહે છે કેભાજપ એક રાજકીય પાર્ટી છે. અને અમે સંઘના ભાગ નથી તો સમજવું કે તે માત્ર રાજકીય વાર્તા જ છે.બેપ્ટીસ્ટ ચર્ચના નેતાએ વધુમાં ઉમેર્યું હતું કે ભારત જેવા મોટા દેશ જે જેની સુંદરતા તેની વૈવિધ્યસભર સંસ્કૃતિ,પરંપરા અને રીતીઓમાં રહે છે ત્યાં એવું કહેવું ખોટું ગણાશે કે તેને માત્ર એક જ ધર્મ છે.

## સાઉથ આફ્રિકામાં ભારતીય ક્રિકેટ ટીમે વન-ડે શ્રેણી જીતી ઈતિહાસ રચ્યો

સાઉથ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમે વિરાલ કોહલીની કપ્તાની હેઠળ પ્રથમવાર દ્રીપક્ષીય સીરીઝ જીતીને ઈતિહાસ સર્જ્યો હતો. ૧૯૯૨થી સાઉથ આફ્રિકાનો પ્રવાસ ખેડનાર ભારતીય ટીમ અત્યાર સુધીમાં એકેય વખત વન-ડે શ્રેણી જીતી શકી નહોતી.

પ્રથમ ત્રણ વન-ડે મેચ ભારતે જીતી લીધી હતી.પરંતુ ચોથી મેચ વરસાદના વિધ્નને કારણે ડકવર્થ લુઈસ પધ્ધતિથી સાઉથ આફ્રીકા જીતી ગયું હતું. પરંતુ પાંચમી વનડેમાં ભારતે પ્રથમ બેટિંગ કરતાં રોહિત શર્માની શાનદાર સદીને કારણે ભારત ૨૭૪ રનનો સ્કોર નોધાવી શકી હતી.

આજસુધીની વન-ડે મેચોમાં ભારતીય સ્પીનરોનો દબદબો રહ્યો હતો. ચહેલ અને કુલદીપ યાદવે સાઉથ આફ્રીકન બેટ્સમેનોને હંફાવી દીધા હતા.પાંચ વનડેમાં સૌથી વધુ વિકેટો સ્પીનરના ફાળે ગઈ હતી.જો કે ભારત તરફથી બેટસમેનોમાં ભારતીય ક્રિકેટ ટીમનો કપ્તાન વિરાટ કોહલી એક સદી નોધાવવામાં સફળ રહ્યો હતો. ત્યાર બાદ શિખર ધવને સદી નોધાવી હતી અને છેલ્લે સળંગ મેચોમાં નિષ્ફળ જનાર ઓપનીંગ બેટ્સમેન રોહિત શર્માએ પાંચમી વનડે મેચમાં શાનદાર ફોર્મ પરત મેળવીને સદી ફટકારી હતી.વિદેશની ધરતી પર સ્પીનરોનો જાદુ ચાલ્યો છે અને ઝડપી બોલરોનો સામનો કરવામાં આપણા ભારતીય બેટ્સમેનો સફળ રહ્યા છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પંજાબ નેશનલ બેન્કનું રુ.૧૧૦૦૦ કરોડ જેટલી રકમનું ફુલેકું ફેરવનાર નિરવ મોદી જેવા વ્યક્તિને કારણે પંજાબ નેશનલ બેન્કનું ભાવિ અધ્ધરતાલ બની ગયું છે.પીએનબીમાં રહેલા નાણાં સામાન્ય લોકોની બચતના નાણાં છે અને તેને બેન્કના અધિકારીઓ સાથે મીલીભગત કરીને ઓળવી જનારા લોકોને પાછી ભાગી જવાની સવલત કરી આપનારા લોકો પણ આ દેશમાં છે.ચંદ લોકોના પરિણામે સરકારી બેન્કો લુંટાઇ ગઇ છે.આ પહેલા લીકર કિંગ વિજય માલિયાનો કિસ્સો બહાર આવ્યો હતો. તે પણ સરકારી લોકોની મીલી ભગતને કારણે ભાગી છુટવામાં સફળ રહ્યો હતો.અને આજે પણ તે યુકેમાં જલસા જ કરે છે.યુપીએ સરકારના વખતમાં એનપીએનો એજ આંકડો હતો તે એનડીએ સરકારના સમયમાં ડબલ થઇ ગયો છે. મતલબ કે સરકારનો ખોફ રહ્યો નથી.દેશના બે જ લોકોના કૌભાંડોથી દેશમાં ખળભળાટ મચી ગયો છે.હજુ તો દેશના આવા અનેક વિરલાઓ પડેલા છે જેમના કૌભાંડો જાહેર થયા નથી. સરકાર હજુ પણ આવા કૌભાંડો જાહેર થાય તે મતની નથી.બેન્કોની લોનોની રકમ માંડવાળ કરવાની,ઘાલખાધ ખાતે તેને ઉધારી કાઢવાની વૃત્તિએ બેન્કોની એનપીએની રકમમાં તોતિંગ વધારો કર્યો છે.સરકારની પૈસા વસુલ કરવાની દાનત નથી.સખ્ખાઇ કરવી પડે તો કરો પણ પૈસા વસુલ કરો.

## મંતવ્ય

કાશ્મીરની સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરે ક્યાં સુધી પાલવશે ?આંતકીઓનો કેર જમ્મુ કાશ્મીરમાં ફેલાઇ રહ્યો છે.વારંવાર આર્મી કેમ્પ પર હુમલા અને જવાનો શહીદ થઇ રહ્યા છે.પીડીપી અને કેન્દ્ર સરકારની નબળાઇઓ પર હવે તરસ આવી રહી છે.જમ્મુ કાશ્મીરમાં સત્તા જાળવી રાખવા માટે પીડીપી ઉપર કોઇ દબાણ લવાતું નથી.હવે ધીમે ધીમે જમ્મુ-કાશ્મીરની જનતા દેશ વિરોધી બનતી દેખાઇ રહી છે.તેમને આપણે શું આપવામાં કસર રાખી છે.સૌથી વધુ સેના પાછળનો ખર્ચ અહીંયા થઇ રહ્યો છે.પોલીસ,બોર્ડર સીક્યોરીટી ફોર્સ,મીલીટરી જવાનો બધા ભેગા મળીને શું કરે છે અને સાથે રાજકારણીઓ શું કરે છે તે ખબર પડતી નથી.

આર્મી કેમ્પો પર થતાં હુમલા માટે ખરેખર સરકાર જ જવાબદાર છે.સુંજવામાં થયેલા આતંકી હુમલા બદ સરકાર અને વહીવટી તંત્રે પગલાં લેવામાં બેદરકારી દાખવી છે.પઠાણકોટના હુમલાને બે વર્ષ બાદ આર્મી કેમ્પ સલામતી માટે ફંડ આપવામાં આવ્યું હતું. તાજેતરના સમયગાળામાં સૈન્ય ઠેકાણા પર આંતકીઓનો આ સાતમો હુમલો છે. જો કે આ મામલે સલામતી વ્યવસ્થામાં અનેક ખામીઓ અને સરકાર તરફથી બેદરકારી જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે.સૈન્ય ઠેકાણાની સલામતી મજબુત કરવા માટે સેનાએ રુ.૨૦૦૦ કરોડની ફાળવણી કરવાની માંગણી કરી હતી.જો કે સંરક્ષણ મંત્રાલયને આ માંગણી યોગ્ય લાગી નહોતી.પઠાણકોટ હુમલા બાદ સૈન્ય ઠેકાણાની સલામતી માટે વાતો થઇ,પણ વ્યવસ્થા ના થઇ.રિપોર્ટ બાદ ભલામણો ધીમેથી આગળ વધી રહી છે.સરકારે ત્વરીત કાર્ય કરવું જોઇએ. મોદી સરકાર બરાડા અને જુમલામાંથી ઉંચી આવતી નથી અને અનકો સૈનિકોના બલી ચડી રહ્યા છે.આતંકીઓ એ બતાવી રહ્યા છે કે તમારી સૈનિક સુરક્ષા કેટલી નબળી છે. પરમાર અનિકેત પી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# લગ્નો સામે વાંધો ઉઠાવવાનો ખાપ પંચાયતો,વ્યક્તિ કે સમાજને અધિકાર નથી.બે પુખ્તોના લગ્ન સામે કોઇ સવાલ ઉઠાવી શકે નહીં : સુપ્રીમ કોર્ટ



બે પુખ્ત વ્યક્તિએ તેમની મરજીથી લગ્ન કર્યા હોય છે એથી ખાપ પંચાયતો તેમાં માથુ મારે નહીં. સરકારે લગ્ન કરનારા યુગલોને સંરક્ષણ આપવું જોઇએ.ખાપ પંચાયતો સમાજમાં નૈતિકતાની ઠેકેદાર ન બને, લગ્ન રદ કરવા માટે દેશમાં કાયદો છે. કહેવાતા ઓનર કિલિંગ દ્વારા કાયદો હાથમાં લેતી ખાપ પંચાયતોને આડે હાથ લેતાં સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને સમાજના નૈતિકતાના ઠેકેદાર નહી બનવાની ચીમકી આપી હતી. મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાના વડપણ હેઠળની ૩ જજની સુપ્રીમ કોર્ટની બેન્ચે સ્પષ્ટ અવલોકન આપ્યું હતું કે બે વ્યક્તિના લગ્ન સામે કોઇ ખાપ પંચાયત,કોઇ વ્યક્તિ અથવા કોઇ સમાજ સવાલ ઉઠાવી શકે નહીં.કેન્દ્ર સરકારે ખાપ પંચાયતો દ્વારા લેવાતાં આ પ્રકારના પગલાં સામે લગ્ન કરનાર યુગલોને સંરક્ષણ આપવું જોઇએ.સમાજમાં નૈતિકતાની ઠેકેદાર બનતી ખાપ પંચાયતોને સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે તેઓ જાતે સમાજની ઠેકેદાર બની બેસી શકે નહીં. દેશમાં કાયદો છે અને કાયદા અંતગર્ત પ્રતિબંધિત કરી શકાય તેવા લગ્નો સામે કામ ચલાવવા માટે અદાલતો પણ છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે જ્યારે બે પુખ્ત વ્યક્તિ લગ્ન કરે છે ત્યારે તેને રદ કરવા માટે કાયદા છે.અને આ પ્રકારના યુગલો સામે ખાપ પંચાયતો હિંસા આચરી શકે નહીં. ચીફ જસ્ટીસ મિશ્રાએ જણાવ્યુ હતું કે જ્યારે બે પુખ્ત લગ્નગ્રંથિથી જોડાય છે ત્યારે તેમાં કોઇ હસ્તક્ષેપ કરી શકે નહી.આપણે કહી શકીએ નહી કે ક્યાં લગ્ન રદ થઇ શકે, ક્યાં લગ્ન સારા કે ખરાબ છે. ખાપ પંચાયતો આ બાબતોથી દુર રહે.બે પુખ્ત વ્યક્તિએ તેમની મરજીથી લગ્ન કર્યા હોય છે તેથી ખાપ પંચાયતો તેમાં માથુ મારે નહી.ખાપ પંચાયતોની દલીલ પર અદાલતે જણાવ્યુ હતું કે અમને ખાપ પંચાયતોના અધિકારની ચિંતા નથી.અમન ફક્ત લગ્ન કરતાં યુગલોની ચિંતા છે.લગ્ન સારા હોય કે ખરાબ, ખાપ પંચાયતો તેનાથી દુર રહે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે આંતરજાતીય,આંતરધર્મી અથવા સમાન ગોત્રમાં લગ્ન કરતાં યુગલોને સંરક્ષણ આપવા માટેની માર્ગદર્શીકા તૈયાર કરવા અદાલત ઉચ્ચ સ્તરીય પોલીસ કમિટીની રચના કરવા વિચારી રહી છે.આ કમિટિને ખાપ પંચાયતો,માતા-પિતા અને સગાઓ દ્વારા યુગલો પ્રત્યે આચરાતી હિંસા સામે યુગલોને સુરક્ષા આપવાની જવાબદારી સોપાશે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અદાલતના મિત્ર એટવોકેટ રાજુ રામચંદ્રન દ્વારા કરાયેલા સુચનોનો જવાબ આપવાં નિર્દેશ આપ્યો છે.રાજુ રામચંદ્રને તેમના રિપોર્ટમાં જણાવ્યુ હતું કે ખાપ પંચાયતો ગણો પ્રભાવ ધરાવતી શક્તિશાળી પંચાયતો છે.અદાલતે તેમના પર નિયંત્રણ લાદતાં પગલાં લેવા જોઇએ. જો સરકાર અદાલતના મિત્ર દ્વારા કરાયેલા સુચનો પર કોઇ આદેશ જારી નહી કરે તો અદાલતને આદેશ આપવાની ફરજ પડશે.ખાપ પંચાયત વતી હાજર રહેલા વકીલે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે અમે આંતરજાતીય અને આંતરધર્મ લગ્નોનો વિરોધ કરતાં નથી.અમે ફક્ત સમાન ગોત્રમાં થતાં લગ્નોનો વિરોધ કરીએ છીએ.

# બજેટમાં આંધ્રને કશું નહી મળતા નારાજ ટીડીપી નેતા ચંદ્રબાબુ નાયડુએ એનડીએ સાથે નારાજગી બતાવી

લોકસભાની ચુંટણીઓ પહેલાં રજુ કરાયેલા બજેટમાં આંધ્ર પ્રદેશ માટે કોઇ મહત્વની જોગવાઇ કરવામાં નહીં આવતાં આંધ્રના મુખ્યમંત્રી અને ટીડીપી નેતા ચંદ્રાબાબુ નાયડુએ નારાજગી દર્શાવી હતી.અને ભાજપના વડપણ હેઠળના એનડીએ સાથે છેડો ફાડવાની વાત કરી હતી.ચંદ્રાબાબુ નાયડુ આ મુદ્દે ટીડીપીના સભ્યો સાથે ચર્ચા કરવા ઇમરજન્સી બેઠક બોલાવી હતી.અને સંકેતો આપ્યા હતા કે જો એનડીએને અમારા સાથની જરુર ન હોય તો અમે નમસ્તે કહીશું.બજેટમાં ટીડીપીને લાભ ન જણાતા ચંદ્રાબાબુ એ નારાજગી દર્શાવી હતી.

સુત્રોના જણાવ્યા મુજબ પાર્ટીની તાત્કાલિક બોલાવાયેલી બેઠકમાં ચંદ્રાબાબુ નાયડુએ એનડીએ સાથે ગઠબંધન ચાલુ રાખવું કે કેમ તે અંગે મહત્વનો નિર્ણય લઇ શકે છે જોકે અગાઉ પણ તેમણે એનડીએ સાથે છેડો ફાડવાના સંકેતો આપ્યા હતા.ટીડીપીની સંસદીય બોર્ડની બેઠકમાં આ મુદ્દે નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

ટીડીપી સાંસદ ટીડી વંકટેશે જણાવ્યુ હતું કે અમે ભાજપ સામે મોરચો ખોલવા જઇ રહ્યા છીએ. અમારી પાસે ત્રણ વિકલ્પ છે. જેમાં પહેલા વિકલ્પ એનડીએ સાથે જોડાણ ચાલુ રાખવાનો છે. બીજો અમારા સાંસદો રાજીનામા આપે તેનો છે અને ત્રીજો ગઠબંધન સાથે છેડો ફાડવાનો છે.આ મામલે નાયડુ યોગ્ય નિર્ણય લેશે. સાંસદે કહ્યુ કે આંધ્ર પ્રદેશને બજેટમાં કોઇ ફંડ ફાળવવામાં નહી આવતાં તેઓ ખુબ નારાજ છે. હવે ભાજપે નક્કી કરવાનું છે કે તે આ નિર્ણયનો કેવી રીતે બચાવ કરે છે.

જો કે ભારતીય જનતા પાર્ટીની નેતાગીરીએ ટીડીપીની નારાજગી સામે કંઇપણ સમાધાન કરવાનું વલણ અપનાવ્યું નથી.મહારાષ્ટ્રમાં શિવસેનાએ છેલ્લા કેટલાક વખતથી બીજેપીને સખ્ત નારાજ કરવાનું ચાલુ રાખ્યું પરંતુ તેમની દાળ ગણી નહી અને આખરે તેઓએ નિર્ણય કર્યો કે તેઓ આવનારી ચુંટણીઓ એકલે હાથે લડશે અને બીજેપીને સાથ આપશે નહીં.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૯૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## સામાજિક યોજનાનો લાભ લેવા અન્ય આઇડી કાર્ડસ પણ ચાલશે : આધાર ન હોય તેવા કેસમાં સરકારની સુપ્રીમમાં સ્પષ્ટતા



કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ કર્યુ છે કે કોઈને પણ આધારના અભાવે સામાજિક સલામતીના લાભો આપવાથી વંચિત કરી શકાય નહિ. જો કોઈની પાસે આધાર ન હોય તો તે આવી સેવાઓનો લાભ લેવા માટે ઓળખનો અન્ય વૈકલ્પિક પુરાવાનો ઉપયોગ કરી શકે છે.એડીશનલ સોલીસીટર જનરલ તુશાર મહેતાએ આધાર અંગેની ચર્ચામાં કોર્ટને જાણ કરી હતી.જસ્ટીસ દિપક મિશ્રાની આગેવાની હેઠળની પાંચ જજની બનેલી બેન્ચે આધાર કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અનેક પીટીશનો પર સુનાવણી કરી રહી હતી.

મહેતાએ કહ્યુ હતું કે કેબિનેટ સેક્રેટરીએ ૧૯ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ આ અંગેનું જાહેરનામું જારી કર્યુ હતું. લોકો વોટર આઈડી,રેશનકાર્ડ જેવા વૈકલ્પિક પુરાવા પુરા પાડીને સામાજિક સલામતીના લાભો લઈ શકે છે.તેમણે ઉમેર્યું હતું કે આધાર કાયદા હેઠળ એક નાગરિકને સત્તાવાર આધાર ડેટાની જરુર હોય છે. અથવા તેના આધાર કાર્ડમાં રહેલા અન્ય કોઈ વૈકલ્પિક પ્રુફ જોઈએ છે.પરંતુ જો આ બંન્ને ચીજો કામ ન કરતી હોય તો તે માણસ ઓળખનો વૈકલ્પિક પુરાવો આપી શકે છે.તેમણે કહ્યુ હતું કે કોઈની પણ બાદબાકી ન કરી શકાય.સરકાર લોકોને થતી સમસ્યાઓ અંગે સભાન છે.

જ્યાં સુધી સરકાર તમામ વિસ્તારો સુધી આધારનું વિસ્તરણ ન કરે ત્યાં સુધી ઓળખના અન્ય પુરાવા સ્વીકારી શકાય છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો તમારી પાસે આધાર કાર્ડ ન હોય તો સંપુર્ણરીતી તમારી બાદબાકી ન થઈ શકે.દેશમાં ૯૬ ટકા લોકો પાસે આધાર કાર્ડ છે.માત્ર ચાર ટકા લોકો પાસે જ તેનથી.તેઓ વૈકલ્પિક આઈડી પ્રુફનો ઉપયોગ કરી શકે છે.

સવાલ એ થાય છે કે જો કોર્ટ આધાર કાર્ડને માન્યતા આપે નહીં તો સરકારે કરેલી તમામ મહેનત પાણીમાં જશે. ઉપરાતં આધાર કાર્ડ માટે એકઠા કરાયેલા ડેટાને વેચવા સરળ બની જશે.આધાર માટે કોર્ટે કોઈ કડક બાબતની સ્પષ્ટતા કરવાની રહેશે.

## મેડીકલ કૌભાંડમાં અલ્હાબાદ હાઇકોર્ટના જજ શુકલને હટાવવા સુપ્રીમ ચીફજસ્ટીસે ભલામણ કરી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ અલ્હાબાદ હાઈકોર્ટના જજ એસ.એન.શુકલને હટાવવાની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.મેડિકલ કોલેજમાં એડમિશનમાં કૌભાંડના મામલે આંતરીક તપાસમાં જસ્ટીસ શુકલની ગેરવર્તણુંક બહાર આવી હતી અને તેઓ દોષિત ઠર્યા હતા.

કોર્ટના સુત્રોએ જણાવ્યા અનુસાર ચીફ જસ્ટીસ મિશ્રા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનનો ટુંક સમયમાં પત્ર લખીને આ ભલામણ અંગે જાણ કરશે.હાઈકોર્ટનાજજને હટાવવાની આંતરીક પ્રક્રિયા અંતર્ગત તે જરુરી છે. ત્રણ જજની ઈન-હાઉસ કમિટીએ તેની તપાસના રિપોર્ટમાં કહ્યુ છે કે જસ્ટીસ શુકલા સામે જે આક્ષેપ કરાયા છે તે ગંભીર છે અને તેમને હટાવવાની પ્રક્રિયા માટે પુરતા છે.આ તપાસ સમિતિમાં મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન્દીરા બેનરજી, સિક્કીમ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ એસ.કે.અગ્નિહોત્રી અને મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટી. પી.કે જયસ્વાલનો સમાવેશ થતો હતો.સમિતિનો રીપોર્ટ આવ્યા બાદ ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ જસ્ટીસ શુકલને રાજીનામું આપી દેવા અથવા સ્વેચ્છીક નિવૃત્તિ લેવાની સલાહ આપી હતી.પરંતુ શુકલાએ તેનો ઈન્કાર કરી દેતાં ચીફ જસ્ટીસે તેમને ન્યાયિક કામગીરીથી તાત્કાલિક દુર રહેવાનો આદેશ કર્યો હતો. એ મુજબ શુકલાને કામગીરીથી અળગા કરી દેવાયા હતા.


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧



**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




## ૨૦૧૭માં ભારતને અલવિદા કહેનારા સાત હજાર પલાયનબાદી ભારતીયો

ભારતમાંથી પૈસાદાર ગણાતા સાત હજાર જેટલા લોકોએ ભારત દેશ છોડીને અન્ય દેશોની નાગરિકતા સ્વીકારી લીધી.ભારતમાંથી અતિ ધનાઢ્ય ગણાતા લોકો દેશ છોડીને અમેરિકા,ઓસ્ટ્રેલીયા,કેનેડા વિગેરે સ્થળોને પોતાની પસંદગીનું સ્થળ પસંદ કર્યું છે.જો કે આ બાબત ચિંતાજનક ના કહેવાવી જોઈએ કે તેનો અફસોસ પણ ના કરવો જોઈએ.જે દેશની પ્રજામાં જેમને વિકલ્પ જ નથી તેમની વાત કરવાની તો બાજુ પર રહી જાય છે. એક ટાણાનો રોટલો પણ કેટલાકને મળવો મુશ્કેલ છે.૨૦૧૬ની સરખામણીએ ૨૦૧૭માં ૧૬ટકાથી વધુ લોકોએ ભારતની નાગરિકતા છોડી છે.જો કે આ મામલે ચીન કરતાં ભારતની સ્થિતિ સારી છે. ચીનમાં લોકશાહી નથી તેમજ મુડીપતિ બનવું એટલું સરળ નથી.તેમજ કાયદા કાનુનની આંટીઘુટીમાં ફસાવવાની અનેક સ્થિત મોજુદ છે. જ્યારે ભારતમાં તેવું નથી.

ન્યુ વર્લ્ડ વેલ્થના રિપોર્ટમાં ઉમેરાયું છે કે ૨૦૧૬માં આ આંકડો ૬૦૦૦ જેટલો હતો ,જ્યારે ૨૦૧૫માં ૪૦૦૦ ધનિકોએ ભારતની સરખામણીમાં અન્ય દેશોની નાગરિકતા સ્વીકારી હતી.જો કે આ મામલે ચીનને સૌથી મોટું નુકશાન થયું છે.૨૦૧૭માં ચીનના દસ હજાર સુપર રીચ નાગરિકોએ અન્ય દેશોની નાગરિકતા અપનાવી છે. ચીન અને ભારત પછી તુર્કીમાંથી ૬૦૦૦,બ્રિટનમાંથી ૪૦૦૦,ફ્રાંસમાંથી ૪૦૦૦ અને રશિયામાંથી ૩૦૦૦ ધનિકો અન્ય દેશોમાં જતા રહ્યા છે.આ માઈગ્રેશન ટ્રેન્ડની વાત કરીએ તો ભારતમાંથી પલાયન કરનાર લોકોની સૌથી પહેલી પસંદ અમેરિકા રહી છે.આ ઉપરાંત યુએઈ,કેનેડા,ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો પણ ભારતમાંથી પલાયન કરનારા ધનિકોની પસંદગી છે. બીજી બાજુ ચીની ધનિકોએ અમેરિકા,કેનેડા અને ઓસ્ટ્રેલીયા જેવા દેશોને પોતાની પસંદગી બનાવી છે.જો કે રિપોર્ટમાં એવુ સ્પષ્ટ કરાયું છે કે ભારત અને ચીન માટે ધનિકોનું દેશમાં જતા રહેવું ચિંતાજનક નથી.કારણે જેટલા જાય છે તેનાતી વધારે ધનિકોનો ઉમેરો થતો રહે છે.

## ભારતીય શેરબજારમાં બજેટના પગલે આવેલ નરમાઇ વૈશ્વિક વાવાઝોડામાં વેગીલી બનતાં છ દિવસમાં ૧૦ લાખ કરોડ ડુબી ગયા

ભારતીય શેર બજારમ્ બજેટના પગલે આવેલી નરમાઈ અને વૈશ્વિક વાવાઝોડાને કારણે વધુ વેગવાન બનેલી નરમાઈ છેલ્લા છ દિવસમાં ૧૦ લાખ કરોડ ડુબાડી ગઈ છે.શેર બજારમાં આવેલી નરમાઈમાં વૈશ્વિક શેરબજારે સૌથી મોટો ભાગ ભજવ્યો હતો. અમેરિકામાં બોન્ડ યીલ્ડ ચાર વર્ષની ઉંચી સપાટીએ પહોચતાં તેનો આંચકો માત્ર અમેરિકા જ નહી પણ વૈશ્વિક શેરબજાર સુધી આવ્યો હતો.ભારતીય શેરબજારની સરખામણીએ એશિયાના શેરબજાર બમણાં તુટ્યા હતા.તો યુરોપના બધાજ અગ્રણી શેરબજાર બે ટકાથી વધુ તુટીને ટ્રેડ થયા હતા.શેરબજારમાં આવેલી વેચવાલી પાછળ બજેટ કરતાં વૈશ્વિક શેરબજારની નરમાઈ વધુ જવાબદાર રહી છે.

## ઇઝરાયેલી વડાપ્રધાન નેતન્યાહુ સામે ભ્રષ્ટાચારના આરોપો મુકવા ભલામણ કરાઇ

ઈઝરાયેલી વડાપ્રધાન નેતાન્યાહુ સામે લાંચ-રુશ્વત અને છેતરપીંડીના આરોપો લગાવવા ઈઝરાયેલી પોલીસે ભલામણ કરી છે.ઈઝરાયેલમાં હવે ૨૦૧૯માં સામાન્ય ચુંટણી થવાની છે. ત્યારે નેતન્યાહુના રાજકીય અસ્તિત્વ સામે મોટા પડકારો સર્જાશે.જો કે નેતાન્યાહુએ તેમના રાષ્ટ્રીય સંદશમાં જણાવ્યુ હતું કે તેમના સામેના આરોપો આધારહિન છે. અને તેઓ સતત ચોથી વખતા સત્તાનો કાળ પુરો કરશે તેવો આત્મવિશ્વાસ તેમણે બતાવ્યો હતો.વડાપ્રધાનના વકીલે કહ્યુ હતું કે જે કોઈ ભેટસોગાદો લેવામાં આવી છે તે મિત્રતાને નામે છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સદ્ગુણ એ માણસની શોભા છે. સદ્ગુણો જ એનું ગૌરવ થાય છે

સદગુણ એ માણસની શોભા છે. સદ્ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુ:ખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફયુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્ગુણોથી જ ધન અને અન્યન્ય ઈચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્ગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે.દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્ગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઈ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુ:ખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# માનવ અધિકાર કાર્યકર અસ્મા જહાંગીરના નિધનથી પાકિસ્તાનમાં નાગરિકી અધિકારોની લડતમાં શુન્યાવકાશ થશે !

પાકિસ્તાનના જાણીતા માનવ અધિકારો માટે લડતા વકીલ,સામાજિક કાર્યકર્તા અને દેશના શક્તિશાળી લશ્કરી સંગઠનના જાહેરમાં ટીકાકાર અસ્મા જહાંગીરનુ હ્દયરોગના હુમલાથી નિધન થયું હતું.તેમ તેમની પુત્રી મુનીઝે જણાવ્યુ હતું. પાકિસ્તાનમાં કેદ ભારતીય નૌકાદળના ભુતપુર્વ અધિકારી કુલભુષણ જાદવના મામલે પાકિસ્તાન સરકારનો અસ્માએ વિરોધ કર્યો હતો.સ્પષ્ટ વ્યક્તા અને માનવઅધિકારોના રક્ષણ માટે લડવા માટે જાણીતા અસ્મા ૬૬ વર્ષના હતા. અને તેઓ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના બાર એસોસીયેશનના પ્રમુખ તરીકે સેવા આપનાર પ્રથમ મહિલા હતા.પાકિસ્તાને કુલભુષણ જાદવને કોન્સ્યુલર એક્સેસ ન આપ્યા ત્યારે તેનો વિરોધ કરીને કહ્યુ હતુંકે સરકારને આવી સલાહ કોણે આપી ? શું આ નિર્ણયથી ભારતમાં કેદ પાકિસ્તાની નાગરિકોના અધિકાર જોખમમાં નહીં મુકાય ? શું આપણે ઈન્ટરનેશનલ કાયદા પણ બદલી શકીએ ?

# એરપોર્ટ ટર્મિનલ બહારથી જ બોર્ડીંગ પાસ મળી જશે

અમદાવાદ એરપોર્ટ ટર્મિનલ બહારથી જ હવે મુસાફરોને બોર્ડીંગ પાસ મળી જશે.અમદાવાદ એરપોર્ટ પર જુદી જૂદી એરલાઈન્સની ફ્લાઈટની સંખ્યા વધી છે અને તેની સાથે મુસાફરોની સંખ્યા પણ વધી છે.જેથી અમદાવાદ ડોમેસ્ટીક એરપોર્ટ પર ટર્મિનલ બિલ્ડીંગની બહાર બોર્ડીંગ પાસ મશીન ઈન્સ્ટોલ કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે. જેના કારણે મુસાફરો તેમનો પીએનઆર નંબર મશીનમાં નાંખી જે તે એરલાઈન્સનો બોર્ડીંગ પાસ મેળવી શકશે.આ પાસ મળ્યાથી મુસાફરને ટર્મિનલ બિલ્ડીંગમાં કોઈ પણ પ્રકારના ચેકિંગની માથાકુટ વગર એન્ટ્રી મળી જશે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.